રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬–૦૨–૨૦૧૮

**—: અખબારી યાદી :—**

રાજય ચૂંટણી આયોગે રાજયની મુદત પુરી થતી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી ,મધ્યસત્ર ચૂંટણી, વિભાજનવાળી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ જારી કરેલ. આ કાર્યક્રમ અનુસાર તા.૦૪–૦૨–૨૦૧૮ના રોજ સવારના ૮–૦૦ વાગ્યાથી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં મતદાન યોજાયેલ. આજ તા.૦૬–૦૨–૨૦૧૮ના રોજ જે તે તાલુકા મથકે સવારે ૯–૦૦ કલાકે મતોની ગણતરી જે તે ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા હાથ ધરવામાં આવેલ જે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયેલ છે.

મત ગણતરી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ બન્યાના અહેવાલ નથી.

ચૂંટાયેલા સરપંચ / સભ્યોના વિધિવત પરિણામ જે તે પ્રાંત અધિકારીશ્રી ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે.

ગ્રામ પંચાયતોની ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્વક પૂર્ણ થઈ તે માટે રાજય ચૂંટણી આયોગ ગ્રામ પંચાયતોના મતદારો, ઉમેદવારો , ચૂંટણી સાથે સંકળાયેલ તમામ અધિકારીઓ/કર્મચારીઓ તથા પોલીસ તંત્રનો આભાર માને છે.

(એ. એ. વ્યાસ)
નાયબ ચૂંટણી કમિશ્નર
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

**ક્રમાંકઃ રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૧૩–૨૨૦૧૮–ક**
**પ્રતિ,**
માહિતી કમિશ્નરશ્રી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
આ અખબાર યાદી જુદા જુદા વર્તમાનપત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી સહ.

**નકલ રવાના :–**
(૧) માનનીય કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
(૨) સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
(૩) રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ

તા.૪–૨–૨૦૧૮ ના રોજ યોજાયેલ સામાન્ય (વિભાજન સહિત) ચૂંટણીની મત ગણતરી તા.૬–૨–૨૦૧૮ ના રોજ શાંતિપૂર્ણ પૂર્ણ થયેલ છે. જિલ્લાવાર ગ્રામ પંચાયતોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૧૫ |
| ૨ | તાપી | ૧૩ |
| ૩ | કચ્છ | ૫૦ |
| ૪ | વડોદરા | ૧૭૦ |
| ૫ | જુનાગઢ | ૨૨ |
| ૬ | ભરૂચ | ૧૨ |
| ૭ | જામનગર | ૧૫૩ |
| ૮ | દેવભૂમિદ્વારકા | ૪૪ |
| ૯ | મહેસાણા | ૧૪ |
| ૧૦ | અમરેલી | ૨૪ |
| ૧૧ | મોરબી | ૮ |
| ૧૨ | નવસારી | ૩૩ |
| ૧૩ | ભાવનગર | ૬૯ |
| ૧૪ | વલસાડ | ૧૧ |
| ૧૫ | નર્મદા | ૮ |
| ૧૬ | ખેડા | ૯ |
| ૧૭ | પંચમહાલ | ૨૯ |
| ૧૮ | મહિસાગર | ૧૯ |
| ૧૯ | સુરત | ૧ |
| ૨૦ | બોટાદ | ૨૭ |
| ૨૧ | બનાસકાંઠા | ૫ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૬ |
| ૨૩ | છોટા ઉદેપુર | ૪૪ |
| ૨૪ | અરવલ્લી | ૬૪ |
| ૨૫ | રાજકોટ | ૧૯ |
| ૨૬ | દાહોદ | ૩૯ |
| ૨૭ | ગીર સોમનાથ | ૮ |
| ૨૮ | પાટણ | ૧૯ |
| ૨૯ | પોરબંદર | ૯ |
| ૩૦ | અમદાવાદ | ૧૩ |
| ૩૧ | ગાંધીનગર | ૫ |
| ૩૨ | સાબરકાંઠા | ૬૫ |
| | કુલ | ૧૧૨૭ |